
# ઉત્તરપ્રદેશ




- ❖ સીમાઓ :- પશ્ચિમમાં રાજસ્થાન, ઉત્તર પશ્ચિમમાં દિલ્લી અને હરિયાણા, ઉત્તરમાં ઉત્તરાખંડ અને નેપાળ દેશ, ઝારખંડ , દક્ષિણ પૂર્વમાં મધ્યપ્રદેશ સરહદ આવે છે.
- ❖ ક્ષેત્રફળ :- ૨,૩૮,૫૬૬ (ચો.કિ.મી)
- ❖ દેશમાં સ્થાન :- પ્રથમ
- ❖ સ્થાપના :- તા. ૨૬/૦૧/૧૯૫૦ (સ્થાપના દિવસ- પહેલી નવેમ્બર ૧૯૫૬)
- ❖ પાટનગર :- લખનૌ
- ❖ હવાઈ મથકો :- લખનૌ, કાનપુર, અલાહાબાદ, વારાણસી, આગ્રા, ઝાંસી, બરેલી, ગાઝીયાબાદ, ગોરખપુર, સહરાનપુર, રાયબરેલી
- ❖ રાજ્યપાલ :-શ્રીમતી આનંદીબેન પટેલ
- ❖ મુખ્યમંત્રી :- શ્રી આદિત્યનાથ યોગી
- ❖ ડે. મુખ્યમંત્રી :- કેશવપ્રસાદ મૌર્ય અને દિનેશ શર્મા
- ❖ સ્પીકર :-હરીદાઈ નારાયણ
- ❖ રાજભાષા :- હિન્દી,ઉર્દૂ

gnanbhandar

- રાજ્ય પક્ષી :-સારસ
- રાજ્ય પશુ :- હરણ (બારાસિંગા)
- રાજ્ય વૃક્ષ :- સાલ
- રાજ્ય ફૂલ :-આસોપાલવ
- રાજ્ય નૃત્ય :-કથક ,કજરી, નૌટંકી,રાસલીલા
- રાજ્ય રમત :-હોકી
- રાજ્ય ચિન્હ :- માછલી અને તીર કમાન
- હાઈકોર્ટ :- અલ્હાબાદ(ખંડપીઠ-લખનૌ)(સ્થાપના :-તા.૧૧/૬/૧૮૬૬)
- રાજ્યમાં કુલ ન્યાયાધીશોની સંખ્યા :- ૯૧
- મુખ્ય ન્યાયાધીશ :-બાબાસાહેબ ભોંસલે
- કુલ વસ્તી :- ૧૯,૯૮,૧૨,૩૪૧ (૨૦૧૧)
- વસ્તી ક્રમ :-પ્રથમ
- વસ્તી ગીચતા :-૮૨૯
- જાતિ પ્રમાણ :-૯૧૨
- સાક્ષરતાનો દર :- ૬૮.૭૨%
- લોકસભાની સીટો :- ૮૦
- વિધાનસભાની સીટો :- ૪૦૩ (૪૦૨ + ૧ એગ્લો ઇન્ડિયન)
- વિધાન પરિષદ બેઠકો :- ૧૦૦ (૯૯ + ૧ એગ્લો ઇન્ડિયન)
- રાજ્યસભાની સીટો :- ૩૧
- જીલ્લાની સંખ્યા :-૭૫(સૌથી મોટો જિલ્લો લખીમપુર અને સૌથી નાનો જિલ્લો સંત રવિદાસનગર છે.)
- તાલુકાની સંખ્યા :- ૩૩૨
- ગામડાઓની સંખ્યા :- ૧,૦૭,૪૫૨
- મહાનગર :-કાનપુર, વારાણસી, આગ્રા, પ્રયાગ, ગાઝિયાબાદ, અલીગઢ, ઝાંસી, મથુરા, અયોધ્યા, ગોરખપુર,લખનૌ, રાયબરેલી,
- મુખ્ય પાક :- શેરડી
- નદી કિનારે વસેલ શહેર:- આગ્રા, ઇટાવા, ઔરયા, મથુરા (યમુના), અલ્હાબાદ, વારાણસી, ફતેહગઢ (ગંગા), અયોધ્યા (સરયૂ), જૌનપુર(ગોમતી), ગોરખપુર (રાપ્તિ)
- મુખ્ય ઉધોગ :-( ૫,૨૧,૮૩૫ લઘુ ઉદ્યોગો, ૬૮ કાપડની મિલો અને ૩૨ ઓટોમોબાઈલ કારખાનાઓ છે.)
    - ચર્મઉદ્યોગ :- કાનપુર

- શણ ઉદ્યોગ :- કાનપુર, ગોરખપુર (સહજનવા)
- ગરમ કાપડ ઉદ્યોગ :- ભારતમાં ઊનની પ્રથમ મિલ 1870માં કાનપુરમાં સ્થાપના કરવામાં આવી. મિર્ઝાપુર, આગ્રા, મુઝફ્ફરનગર, શાહજહાંપુર, વારાણસી
- રેશમ ઉદ્યોગ :- મિર્ઝાપુર, વારાણસી, શાહજહાંપુર
- સિમેન્ટ ઉદ્યોગ :- ચૂર્ક, ડલ્લા, ચુનાર,કજરાહટ અને મિર્ઝાપુર
- એલ્યુમિનિયમ ઉદ્યોગ :- હિંદુસ્તાન એલ્યુમિનિયમ કોર્પોરેશન, રેણકૂટ જે સસ્તું જળ અને વિદ્યુત રિહંદપરિયોજનાથી મેળવે છે.
- કાગળ ઉદ્યોગ :- નૈની, લખનૌ, મેરઠ, સરહાનપુર, મુઝફ્ફરનગર,મોદીનગર અને મૈનપૂરી
- ખાંડ ઉદ્યોગ :- ઉત્તરપ્રદેશ ખાંડનું સૌથી મોટું ઉત્પાદક રાજ્ય છે.કાનપુર, લખનૌ, ગોરખપુર
- રાસાયણિક ખાતર ઉદ્યોગ :- કાનપુર, ગોરખપુર અને અલ્હાબાદ
- કાચ ઉદ્યોગ :- નૈની, વારાણસી, ફિરોઝાબાદ, શિકોહાબાદ અને મુરાદાબાદ
- ચામડા ઉદ્યોગ :- કાનપુર (સૌથી મોટું કેન્દ્ર જે બૂટ માટે પ્રસિદ્ધ છે. )
- દવા ઉદ્યોગ :- કાનપુર, મથુરા
- ખાતર :- ફૂલપુર, ગોરખપુર
- ગરમ કાપડ :- કાનપુર
- ઈલેક્ટ્રોનિક ઉદ્યોગ :- ગાઝિયાબાદ
- એલ્યુમિનીયમ:- રેણુકોટ
- ડેરી ઉદ્યોગ :- કાનપુર અને અલીગઢ
- રેલવે એન્જિન :- વારાણસી (ડીઝલ)

❖ ખનીજ :-

- ફોસ્ફોરાઈટ્સ( લલિતપુર જીલ્લો)
- ખનીજતેલ

❖ અભ્યારણ્ય : -

- ચંદ્રપ્રભા અભ્યારણ્ય (વારાણસી)
- તરાઈ હાથી અભ્યારણ્ય (દૂધવા- પિલભીત)
- રાનીપુર વન્યજીવ અભયારણ્ય (ચિત્રકૂટ જિલ્લો)

❖ રાષ્ટ્રીય નેશનલ પાર્ક :-

- જીમ કોરબેટ નેશનલ પાર્ક (રામગંગા),
- દૂધવા નેશનલ ઉદ્યાન (લખીમપુર) (ટાઈગર રિઝર્વ)
- પિલભીત ટાઈગર રિઝર્વ



gnanbhandar.com

- ➢ નવાબગંજ રાષ્ટ્રીય ઉદ્યાન
- ➢ કેમ્પવેલ રાષ્ટ્રીય ઉદ્યાન

❖ મુખ્ય નદીઓ :- ભાગીરથી,રિહાન્દ,રામગંગા,ગંગા, ગોમતી, ઘાઘરા, ગંડક, બેતવા, શારદા, ચંબલ, સિંધ,કેન અને સોન

❖ પર્વતો :- વિંધ્ય, શિવાલિક અને કૈમૂર

❖ પરિયોજનાઓ :- તેહરી પરિયોજના,રામગંગા પરિયોજના , ગોવિંદ વલ્લભાસાગર પરિયોજના (રાજ્યની સૌથી મોટી પરિયોજના જે રિહંદ નદી પર આવેલ છે)

❖ સડકોનો વિસ્તાર :- કુલ ૧,૧૮,૯૪૬ કિ.મી.

❖ જળાશય ડેમ (સરોવર) :-

❖ જાહેર સાહસો :-

- ➢ ઇન્ડીયન ઓઈલ કોર્પોરેશન લિ.(**I.O.C**),મથુરા
- ➢ ઇન્ડિયન ટેલિફોન ઇન્ડસ્ટ્રીઝ લિ., નૈની
- ➢ ડીઝલ કોર્પોરેશન ઓફ ઇન્ડીયા લિ.,વારાણસી
- ➢ ફર્ટીલાઈઝર કોર્પોરેશન ઓફ ઇન્ડીયા, ગોરખપુર
- ➢ ભારત ઇલેક્ટ્રોનિકસ લિ.( **BEL**) , ગાઝીયાબાદ
- ➢ નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન(**NTPC**), સિંગરોલી)

❖ મહત્વની સંસ્થાઓ :-

- ➢ રાષ્ટ્રીય વનસ્પતિ વિજ્ઞાન સંસ્થા , લખનઉ
- ➢ રાષ્ટ્રીય વાનિકી અનુસંધાન સંસ્થા, ઝાંસી

❖ જોવાલાયક સ્થળો :-તાજમહેલ (આગ્રા), કાશી વિશ્વનાથ મંદિર (વારાણસી), શ્રી કૃષ્ણ જન્મભૂમિ મંદિર (મથુરા), શ્રી વરાહ મંદિર (સોરો શૂકરક્ષેત્ર), સલીમ ચિશ્તી દરગાહ(ફતેહપુર સીકરી), વારાણસી,ગોરખપુર, અયોધ્યા,ઝાંસી, લખનૌ,હરિદ્વાર, કેદારનાથ, પ્રયાગ,કાશી, ગોકુળ-મથુરા, ચિત્રકૂટ , સારનાથ, કુશીનગર, પ્રતાપગઢ,વૃંદાવન, ગોકુલ,સંત કબીરનગર

❖ મહત્વની યોજનાઓ :-

- ➢ ભાગ્યલક્ષ્મી યોજના (ગરીબ પરિવારમાં પુત્રીના જન્મ થતાં રૂ. ૫૦,૦૦૦ના બોન્ડ અને માતાને રૂ.૫૧૦૦/- આપવામાં આવે છે.)
- ➢ છાત્રવૃતિ યોજના (SC/ST વિધાર્થીઓને શાળા, કોલેજ અને ઉચ્ચ શિક્ષણની ફી સરકાર ભરે છે.)
- ➢ રાણી લક્ષ્મીબાઈ પેન્શન યોજના

વિશેષ માહિતી :-

gnanbhandar.com

- ભારતનું સૌથી વધુ વસ્તીગીચતાધરાવતું રાજ્યમાંનું એક છે.
- ઉત્તરપ્રદેશ ભારતની ઉત્તરે આવેલું રાજ્ય છે. તેનો ઈતિહાસ ૪૦૦૦ વર્ષ પુરાણો છે.
- વારાણસી નજીક સારનાથનું ચૌખંડી સ્તૂપ જ્યાં ભગવાન બુદ્ધે પ્રથમ ઉપદેશ આપ્યો હતો.
- ત્રેતાયુગમાં ભગવાન વિષ્ણુ અવતાર શ્રીરામચંદ્રજીએ અયોધ્યા અત્યારે ફૈઝાબાદ જીલ્લોમાં જન્મ લીધો હતો. ભગવાન રામ ચૌદ વર્ષ વનવાસ પ્રયાગ અને ચિત્રકૂટ વગેરે વિસ્તારમાં વિતાવ્યો હતો.
- ઉત્તરપ્રદેશના પ્રથમ મહિલા મુખ્યમંત્રી સુચિતા કૃપલાણી (૧૯૬૩) અને પ્રથમ મહિલા રાજ્યપાલ સરોજીની નાયડુ (૧૯૪૭) હતા.
- નોયડા અને લખનૌ ઇન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે ખૂબ જ આગળ છે.
- કાનપુરમાં ગ્રીનપાર્ક સ્ટેડીયમ આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્ટેડીયમ છે. આ ઉપરાંત વિશ્વમાં ચામડાના ચંપલ માટે પ્રખ્યાત છે.
- અલ્હાબાદમાં ગંગા, જમુના અને સરસ્વતી નદીનો સંગમ થાય છે.
- વિશ્વની સૌથી મોટી હનુમાનજીની ૧૧૦ ફૂટ ઊંચાઈ ધરાવતી મૂર્તિ સીતામઢીમાં આવેલી છે.
- પ્રથમ આર્યુવેદિક દવા ઉદ્યોગ માટે હરદોઇ જિલ્લામાં ન્યુ ઈન્ડીયા ફાર્માસિસ્ટલની સ્થાપના કરવામાં આવી હતી.
- ભારતનું 54મુ ટાઈગર રિઝર્વ તરીકે રાનીપુરવન્યજીવ અભયારણ્ય રાજ્યના ચોથા વાઘ અભ્યારણ્ય તરીકે મંજૂરી મળી.
- ઉત્તરપ્રદેશમાં સોનભદ્ર જીલ્લો દેશનો એકમાત્ર એવો જીલ્લો છે કે જેને ચાર પ્રદેશોની સીમાઓ ધરાવે છે.
- ઉત્તરપ્રદેશના પ્રથમ રાજ્યપાલ હોરમસજી મોદી (૧૯૫૦)માં હતા.
- સંત કબીરની સમાધી સંત કબીરનગરમાં આવેલી છે.
- રામાયણના રચયિતા મહર્ષિ વાલ્મિકી તથા રામચરિતમાનસના રચયિતા ગોસ્વામી તુલસીદાસની જન્મભૂમિ છે
- મથુરામાં ખનીજતેલ શુદ્ધીકરણ (રીફાઈનરી) આવેલી છે.
- ઇન્ડિયન ઓઇલ કંપની દ્વારા કયા સ્થળે ભારતનો પ્રથમ ગ્રીન હાઈડ્રોજનપ્લાન્ટ મથુરા સ્થાપવામાં આવશે.
- દેશમાં શેરડીનું સૌથી વધુ ઉત્પાદન ઉત્તરપ્રદેશમાં થાય છે. દેશના કુલ ઉત્પાદનમાં તેનો હિસ્સો 70% છે.
- ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ફૈઝાબાદ જિલ્લાને અયોધ્યા નામ આપ્યું, મેડીકલ કોલેજનું નામ રામ મેડીકલ કોલેગ અને એરપોર્ટનું નામ રાજા દશરથના નામથી ઓળખાશે.

- તાજમહાલ ઉત્તરપ્રદેશના આગરા શહેરમાં યમુના નદીને કિનારે આવેલો છે. તે ઇ.સ. 1631માં મુઘલ બાદશાહ શાહજહાંએ તેમની બેગમ મુમતાજની યાદમાં બના વ્યો હતો. તાજમહાલનું નિર્માણ કરનાર મુખ્ય કારીગરનું નામ ઉસ્તાદ અહમદ લાહોરી હતું. તાજમહાલ બનાવવામાં 25000થી વધી કારીગરોએ ભાગ ભજવ્યો હતો. અને ૨૨ વર્ષ બાદ ઇ.સ. ૧૬૫૩માં નિર્માણ પુરૂ થયું હતું.
- મુઘલ બાદશાહ  અકબરે સૂફી સંત સલિમ ચિશ્તીની યાદમાં આગ્રાની પશ્ચિમે 26 માઈલ દૂર ઇ.સ. ૧૫૬૯માં ફતેહપુર સિકરીનું નિર્માણ કરાવ્યુ હતું.
- ફતેહપુર સિકરી ઇ.સ. ૧૫૬૯માં અકબરે સૂફી સંત સલિમ ચીસતિની યાદમાં આ શહેર વસાવ્યું હતું. અને એને પોતાની રાજધાની બનાવી હતી.
- લખનૌ ખાતે ભારતની પ્રથમ નાઈટ સફારી પાર્ક  જે નવાબ વાજીદઅલી શાહ ઝૂલોજિકલ ગાર્ડનને કુકરેલ વન વિસ્તાર સ્થળાંતીત કરવામાં આવશે.
- વિશ્વના ચોથા સૌથી મોટા એરપોર્ટનો શિલાન્યાસ ઉત્તરપ્રદેશના ગૌતમબુદ્ધનગરના જેવરમાં નોઇડા ઇન્ટરનેશનલ એરપોર્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો. જે વર્ષ 2024માં સંપન્ન થશે.